| | | | |
|---|---|---|---|
| | | કેસ દાખલ થયાની તા. | ૧૮/૦૧/૨૦૧૯ |
| | | કેસ રજીસ્ટર્ડ થયાની તા. | ૧૮/૦૧/૨૦૧૯ |
| | સત્યમેવ जयते | ઠરાવ જાહેર થયાની તા. | ૨૧ / ૦૪ /૨૦૨૬ |
| | | સમયગાળો:વર્ષ–૦૭ ,મહિનો–૦૩ ,દિવસ–૦૩ | |

---

**મેઘરજના મે.જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.મેઘરજ**

---

**ફોજદારી કેસ નંબર : ૫૯/૨૦૧૯**

**આંક :**

---

**ફરીયાદી : શ્રી સરકાર**

મેઘરજ પોલીસ સ્ટેશન સે.ગુ. ર. નં. ૩૦૯૭/૨૦૧૮

**० વિરૂધ્ધ ०**

**આરોપીઓ :** (૧) મુકેશભાઈ ડાયાભાઈ પટેલ

રહે.ઉન્ડવા,તા.મેઘરજ,જી.અરવલ્લી

---

**ગુનો:** **ભારતીય ફોજદારી ધારા,૧૮૬૦ની કલમ–૩૨૩, ૫૦૪, ૫૦૬ (૨) તથા જી.પી.એકટ ૧૩૫ મુજબ**

---

**ફરીયાદપક્ષે :** વિધ્વાન એ.પી.પી.શ્રી એ.એન.સૈની

**બચાવપક્ષે :** વિધ્વાન વકીલશ્રી કે.કે.પટેલ

---

**० હુકમ ०**

(૧) આ કામના આરોપી સામે મેઘરજ પોલીસ સ્ટેશન સે.ગુ. ર. નં. ૩૦૯૭/૨૦૧૮ તા. ૧૮/૦૧/૨૦૧૯ ના રોજ ભારતીય દંડ સંહિતાની કલમ–૧૮૬૦ ની કલમ–૩૨૩, ૫૦૪,૫૦૬ (૨) તથા જી.પી.એકટ ૧૩૫ મુજબનાં ગુનાનું ચાર્જશીટ અદાલત સમક્ષ રજુ કરેલ છે.

(૨) **ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત ::–**

આ કામના આરોપીએ તા.૦૫/૦૮/૧૮ ના કલાક ૧૧/૩૦ વાગે મોજે ઉન્ડવા ગામે ફરીયાદી ના ખેતર ના શેઢા ઉપર મરી ગયેલ ભેસ નાખવા ગયેલ જેથી ફરીયાદી એ મરેલ પશુ ખેતર નજીક નાખવાની ના પાડતા આરોપી એકદમ ઉશકેરાઇ જઇ તેના હાથ માની લાકડી ફરીયાદી ને જમણા હાથ ના કાંડા ઉપર તથા ડાબા હાથ ઉપર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી મે.જીલ્લામે.જી.સાના જાહેરનામાનો ભંગ કરી ઈ. પી. કો. કલમ–૩૨૩, ૫૦૪,૫૦૬ (૨) તથા જી.પી.એકટની કલમ ૧૩૫ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરતા, તે અંગેની ફરિયાદીએ ફરિયાદ કરતા આરોપીઓ વિરુધ્ધ પુરતા પુરાવાના આધારે હાલના ગુનાનું ચાર્જશીટ કરવામાં આવેલ છે.

(૩) **કોર્ટ કાર્યવાહી :–**

ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૫૪ મુજબ પોલીસ ફરિયાદ આપેલ છે તેમજ ક્રિ. પ્રો. કોડની કલમ–૧૭૩ મુજબ ચાર્જશીટ કરવામાં આવેલ છે. ત્યારબાદ ક્રિ .પ્રો. કોડની કલમ–૧૯૦ મુજબ કોગ્નીજન્સ લઈ આરોપીઓ સામે સમન્સ કાઢવામા આવેલ છે. ત્યારબાદ આ કામે આરોપીઓ ને સમન્સ બજતા તેઓ હાજર થતા ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૭ પ્રમાણે ફરિયાદપક્ષની તમામ પોલીસ પેપર્સની નકલો આપવામાં આવેલ. ત્યારબાદ મારા પુરોગામી પ્રિસાઈડીંગ ઓફીસરશ્રીનાઓએ આંક–૦૩ થી આરોપીઓ વિરૂધ્ધ તહોમતનામુ ફરમાવી આરોપીઓની આંક –૦૪ લગત પ્લી નોંધવામાં આવતા, આરોપીએ ગુનાનો ઈન્કાર કરતા કેસ આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

(૪) ફરીયાદપક્ષ તરફે તેઓના કેસના સમર્થનમાં નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજૂ કરવામાં આવેલ છે.

**// મૌખિક તથા દસ્તાવેજી પુરાવા //**

| અ.નં. | પુરાવાની વિગત | આંક |
|---|---|---|
| ૦૧ | સાહેદ અમરતભાઇ વકતાભાઈ પટેલ ની જુબાની | ૨૭ |
| ૦૨ | સાહેદ રૂખીબેન કચરાભાઈ પટેલ ની જુબાની | ૪૦ |
| ૦૩ | સાહેદ કોદીબેન રણછોડભાઈ પટેલ ની જુબાની | ૪૧ |
| ૦૪ | પંચસાહેદ શંકરભાઈ કાળુભાઈ પટેલ ની જુબાની | ૨૧ |
| ૦૫ | પંચનામું | ૨૨ |
| ૦૬ | પંચસાહેદ રમેશભાઈ મનોહરભાઈની જુબાની | ૨૫ |
| ૦૭ | પંચનામું | ૨૬ |
| ૦૮ | ત.ક.અ. વાલજીભાઈ ધુળાભાઈ ની જુબાની | ૪૬ |
| ૦૯ | ફરીયાદ | ૪૭ |
| ૧૦ | ડો. પ્રિયંકાબેન જયેન્દ્રકુમાર પ્રજાપતીની જુબાની | ૪૩ |

(૫) આ કામે ફરિયાદપક્ષનો પુરાવો પુરો થયા બાદ ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ હેઠળ આરોપીઓનુ વિશેષ નિવેદન લેવા યોગ્ય પુરાવો ન હોય, આરોપીઓનુ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી. ત્યારબાદ સદર કામ બંને પક્ષોની દલીલ પર રાખવામાં આવેલ છે.

(૬) ત્યારબાદ સદર કામે ફરીયાદ પક્ષે વિ.એ.પી.પીશ્રીને તથા આરોપીઓ તરફે તેમના વિ. વકીલ શ્રીની વિસ્તૃત દલીલો મૌખિકમાં સાંભળવામાં આવી.

(૭) ઉપરોકત કેસની હકીકત, સંજોગો અને રજુ કરવામાં આવેલ પુરાવાઓને ધ્યાને લેતાં મારી સમક્ષ નિર્ણય માટે નીચેના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

| ક્રમ | મુદ્દા | નિર્ણય |
| --- | --- | --- |
| ૧. | શું ફરિયાદપક્ષ શંકાથી પરે હકીકત પુરવાર કરી શકે છે કે,આ કામના આરોપીએ તા.૦૫/૦૮/૧૮ ના કલાક ૧૧/૩૦ વાગે મોજે ઉન્ડવા ગામે આ કામના આરોપી નાએ ફરીયાદી ના ખેતર ના શેઢા ઉપર મરી ગયેલ ભેસ નાખવા ગયેલ જેથી ફરી એ મરેલ પશુ ખેતર નજીક નાખવા ની ના પાડતા આરોપી એકદમ ઉશકેરાઇ જઇ તેના હાથ માની લાકડી ફરી ને જમણા હાથ ના કાંડા ઉપર તથા ડાબા હાથ ઉપર મારી જાન થી મારી નાખવાની ધમકી આપી મે.જીલ્લામે.જી.સાનાજાહેરનામાનો ભંગ કરી ગુન્હો કરી.આ અદાલતની હકુમતમાં ઈ. પી. કો. કલમ-૩૨૩,૫૦૪,૫૦૬(૨) તથા જી.પી.એકટ કલમ ૧૩૫ મુજબનો શીક્ષાનો પાત્ર ગુન્હો કરેલ છે **?** | નકારમાં |
| ૨. | શું હુકમ **?** | આખરી હુકમ મુજબ |

**<u>૦ મુદા નં.૧ ના નિર્ણયના કારણો ૦</u>**

(૮) **-:: પુરાવાનુ મુલ્યાંકન ::-**

**<u>મુદાની ચર્ચા :-</u>**

અદાલતે ફોજદારી કેસના ન્યાય-નિર્ણય વખતે પુરાવાનું પૃથ્થકરણ તથા મુલ્યાંકન કરતી વખતે નામ.સુપ્રિમકોર્ટે **કે.એમ.નાણાવટી વિરૂઘ્ઘ સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર (એ.આઈ.આર. ૧૯૬૨, સુપ્રિમકોર્ટ, ૬૦૫)** ના કેસમાં પ્રસ્થાપિત કર્યા મુજબ નીચે મુજબના સિઘ્ધાંતો અદાલતે ઘ્યાને રાખવા જરૂરી બને છે.

૧) ફરિયાદીપક્ષે આરોપી ઓ પર મુકેલ આરોપ નિ:શંકપણે સાબિત કરવાના રહે છે.

૨) સમગ્ર ટ્રાયલ દરમિયાન પુરાવાનો બોજો શરૂઆતથી અંત સુધી ફરિયાદપક્ષ ઉપર રહે છે.

૩) આરોપીઓ નું આક્ષેપવાળા કૃત્યમાં દુષિત માનસ હતુ તે હકીકત પણ ફરિયાદપક્ષે પુરવાર કરવાની રહે છે.

૪) અપવાદરૂપ સંજોગોનું અસ્તિત્વ ન હતુ તેવુ અદાલતે અનુમાન કરવાનું રહે છે.

૫) પોતાનું કૃત્ય સામાન્ય, વિશિષ્ટ અપવાદના વ્યાપ મુજબનું છે તે અથવા તો તેવા સં જોગોમાં અસ્તિત્વ હતુ તે સાબિત કરવાનો બોજો આરોપીઓ ઉપર રહે છે.

૬) આરોપીઓએ સદર બોજો વહન કરવા જાતે જુબાની આપી છે કે બચાવમાં સાક્ષી તપાસી શકે છે. અથવા ફરિયાદપક્ષે રજુ કરેલા પુરાવા ઉપરથી પોતાના પરના આરોપોનું ખંડન કરતી હકીકતો કે શંકા ઉપજાવતા સંજોગો આધારે પોતાનો બચાવ કરી શકે છે.

૭) આરોપીઓએ પોતાનો બચાવ સંભવિતતાના બાહુતુલ્યનાં આધારે કરવાનો રહે છે.

સદર કામે ઉપરોકત ચર્ચા મુજબ ક્રિમીનલ કેસની કાર્યવાહી સમયે ફરિયાદપક્ષે ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૦૧ મુજબ **Beyond Reasonable Doubt** એટલ ે કે, શંકાથી પર પોતાનો કેસ સાબિત કરવાનો રહે છે અને પોતાનો પુરાવો રજુ કરવાનુ રહે છે. એટલે કે, બીજા શબ્દોમાં કહીયે તો જયારે સીધો પુરાવો મળેલ ન હોય તો સાંયોગીક પુરાવાઓ એકબીજા સાથે સંકળાયેલ હોય તો જ આરોપી સામેનો ગુનો સાબિત થયેલો ગણાય અને તો જ આરોપીને સજા કરી શકાય. આરોપીએ તો માત્ર "Probebiltiy & possibiltiy" એટલે કે, સંભવિતતા અને શકયતા રેકર્ડ પર લાવવાની હોય છે.

સદરહુ કામે એ નોંધવાનુ રહે છે કે, કાયદાનું અર્થઘટન એટલે કે, ખુલાસો કરતા સમયે સામેની વ્યકિત સમજી શકે તેવી રીતે જણાવવુ જોઈએ અને તેવી ભાષામાં કહેવુ જોઈએ. **"Inter foretarn at concordared lages legibus Est. optimus Inter foretandimous"** એટલે કે, કાયદાનું અર્થઘટન સુમેળભર્યા રીતે કરવાનુ રહે છે. સદર કામે ફરિયાદપક્ષે પોતાના કેસની હકીકત પુરવાર કરવા માટે ફરિયાદીને તપાસવામાં આવેલા છે. તેમજ રજુ થયેલ ફરિયાદ ઉપર આધાર રાખેલ છે. જેમાં ફરિયાદીનો પુરાવો વિગેરે મહત્વના ગણી શકાય તેવા પુરાવાઓ ફરિયાદપક્ષે રજુ રાખવામાં આવેલા છે. એવીડેન્સ એકટની કલમ–૧૦૧ ધ્યાને લઈએ તો, ફરિયાદપક્ષે પોતાનો કેસ નિ:શં કપણે પુરવાર કરવાની તેઓની જવાબદારી છે.

(૯) **ફરીયાદી/સાહેદોનો પુરાવો :–**

(૯.૧) ફરિયાદપક્ષે આંક–૨૭ થી સાહેદ અમરતભાઇ વકતાભાઈ પટેલ ને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે તેઓએ તેમની જુબાનીમાં એવો પુરાવો આપે છે કે, આજથી આશરે ૬ વર્ષ અગાઉ પોલીસે મારુ નામઠામ પુછેલુ તે સિવાય બનાવ બાબતે હુ કાંઈ જાણતો નથી.

સાહેદ તેમની ફરિયાદને સમર્થન કરતા ન હોય ફરિયાદપક્ષે વિધ્વાન એ.પી.પી.શ્રી ની મૌખિક વિનંતીથી તેઓને ફરી ગયેલા જાહેર કરેલ છે અને ફરિયાદપક્ષે વિગતવારની ઉલટ તપાસ કરવા છતાં પણ સાહેદ તેમની ફરિયાદ સમર્થન કરતા નથી.

જ્યારે બચાવપક્ષની ઉલટ તપાસમાં સાહેદ એ હકીકતો કબુલ રાખે છે કે, એ વાત ખરી છે કે, પોલીસે મારુ કોઈ બનાવ બાબતે કોઈ જવાબ લીધેલ નથી કે મારી હાજરીમાં ફરીયાદી અને આરોપી વચ્ચે કોઈ બનાવ બનેલ નથી.

(૯.૨) ત્યારબાદ ફરિયાદપક્ષે આંક–૪૦ થી સાહેદ રૂખીબેન કચરાભાઈ પટેલ ને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે તેઓએ તેમની જુબાનીમાં એવો પુરાવો આપે છે કે, આજથી આશરે સાત–આઠ વર્ષ અગાઉ પોલીસે મારુ નામઠામ પુછેલુ તે સિવાય બનાવ બાબતે હુ કાંઈ જાણતી નથી.

સાહેદ તેમની ફરિયાદને સમર્થન કરતા ન હોય ફરિયાદપક્ષે વિધ્વાન એ.પી.પી.શ્રી ની મૌખિક વિનંતીથી તેઓને ફરી ગયેલા જાહેર કરેલ છે અને ફરિયાદપક્ષે વિગતવારની ઉલટ તપાસ કરવા છતાં પણ સાહેદ તેમની ફરિયાદ સમર્થન કરતા નથી.

જ્યારે બચાવપક્ષની ઉલટ તપાસમાં ફરિયાદી એ હકીકતો કબુલ રાખે છે કે, પોલીસ ે મારુ કોઈ બનાવ બાબતે કોઈ જવાબ લીધેલ નથી કે મારી હાજરીમાં ફરીયાદી અને આરોપી વચ્ચે કોઈ બનાવ બનેલ નથી.

(૯.૩) ત્યારબાદ ફરિયાદપક્ષે આંક–૪૧ થી સાહેદ કોદીબેન રણછોડભાઈ પટેલ ને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે તેઓએ તેમની જુબાનીમાં એવો પુરાવો આપે છે કે, આજથી આશરે સાત–આઠ વર્ષ અગાઉ પોલીસે મારુ નામઠામ પુછેલુ તે સિવાય બનાવ બાબતે હુ કાંઈ જાણતી નથી.

સાહેદ તેમની ફરિયાદને સમર્થન કરતા ન હોય ફરિયાદપક્ષે વિધ્વાન એ.પી.પી.શ્રી ની મૌખિક વિનંતીથી તેઓને ફરી ગયેલા જાહેર કરેલ છે અને ફરિયાદપક્ષે વિગતવારની ઉલટ તપાસ કરવા છતાં પણ સાહેદ તેમની ફરિયાદ સમર્થન કરતા નથી.

જ્યારે બચાવપક્ષની ઉલટ તપાસમાં ફરિયાદી એ હકીકતો કબુલ રાખે છે કે પોલીસ ે મારુ કોઈ બનાવ બાબતે કોઈ જવાબ લીધેલ નથી કે મારી હાજરીમાં ફરીયાદી અને આરોપી વચ્ચે કોઈ બનાવ બનેલ નથી.

**(૧૦) <u>મેડીકલ ઓફીસર નો પુરાવો :–</u>**

ત્યારબાદ ફરિયાદપક્ષે આંક–૪૩ થી ડો.સાહેદ પ્રિયંકાબેન જયેન્દ્રકુમાર પ્રજાપતીને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે તેઓએ તેમની જુબાનીમાં એવો પુરાવો આપે છે કે, તા.૦૫/૦૮/૨૦૧૮ ના રોજ હુ મેડીકલ ઓફીસર તરીકે સી.એચ.સી. મેઘરજ ખાતે ફરજ બજાવતી હતી તે દરમીયાન મારી સમક્ષ રણછોડભાઈ હાંકળાભાઈ પટેલ, ઉ.વ.૭૦, રહે.ઉન્ડવા, તા. મેઘરજ, જી.અરવલ્લીનાઓ તબીબી સારવાર અર્થે પોલીસ યાદી નં.૩૦૯૭/૧૮ સાથે આવેલા. જેઓને અમોએ તપાસેલા અને તેમને કેસ હીસ્ટરી પુછતા જણાવેલુ કે, તા.૦૫/૦૮/૨૦૧૮ ના રોજ સવારે ૧૧/૦૦ વાગે મારા ખેતરમાં લાકડીથી આરોપીએ માર મારેલ છે.

તેઓને અમોએ તપાસતા તે સંપુર્ણ ભાનમા હતો અને તેના પલ્સ રેટ ૮૮ પ્રતી મીનીટ હતા તથા બીપી ૧૨૦/૮૦ હતું અને તેમનુ શારીરીક તપામાન સામાન્ય હતુ અનેઓકસીજનનુ પ્રમાણ ૯૯ ટકા હતુ તેમને તપાસતા તેમને શરીરે નીચે મુજબની ઈજાઓ માલુમ પડેલી.

ઈજા નં. ૧ : જમણા કાંડામાં ૧×૧×૧ સે.મી. સોજો હતો અને હાથ હલાવવામાં તફલીક હતી.

ઈજા નં. ૨ : ડાબા હાથે ૬ સે.મી. કાંડાથી ઉપર ૦.૫ × ૩ સે.મી.નો ઘસરકો હતો.

ઈજા નં. ૩ : ડાબી જાંગ ઉપર ૮ ×૧ સે.મી. લાલશ પડતો ચકામો હતો.

સદર ઈજા તાજી હતી અને તેઓને પ્રાથમીક સારવાર આપી તેઓને હાયર સેન્ટરમાં વધુ સારવાર માટે રીફર કરેલ છે.

સદર ઈજા દર્દીએ આપેલ હિસ્ટ્રી તથા મેડીકલ તપાસના આધારે સખત અને બોથડ પ્ર દાર્થ જેવા કે લાકડીથી તથા ગડદાપાટુથી થઈ શકે તેવા પ્રકારની હતી જે ઈજાની સારવાર અં ગેનુ અમોએ તા.૦૫/૦૮/૧૮ ના રોજ મેડીકલ સટીફિકેટ નં.૪૩૬/૧૮ થી આપેલુ જે સટીફિકેટની ખરી નકલ મને બતાવવામાં આવે છે જેમાં મારી સહી તથા હોદ્દાનુ સીલ છે જે હુ ઓળખી બતાવુ છુ જે ખરી નકલને આંકે પાડવા સામે બચાવ પક્ષને વાંધો ન હોય જે રજુ દાખલ **આંક . ૪૪** આપવામા આવે છે.

જ્યારે બચાવપક્ષની ઉલટ તપાસમાં સાહેદ એ હકીકતો કબુલ રાખે છે કે, દર્દીને કોને માર મારેલ તેને તેની હિસ્ટ્રીમાં જણાવેલ નથી. કોઈ ઉમરલાયક વ્યકિત હોય અને તેનો હાથ તેના શરીરની નીચે આવી ગયેલ હોય તો કહેવાતો સોજો આવી શકે. કોઈપણ વ્યકિત પડી જાય તો મારા સર્ટીફિકેટમાં જણાવેલ ઈજાઓ થઈ શકે. ઉમરલાયક વ્યકિતે કયારેક કયારેક કોઈપણ શારીરિક તકલીફ ના કારણે કહેવાતા ચકામા થઈ શકે. અનય સુચક પ્રશ્નોના જવાબ સાહેદે નકારમાં આપેલા છે.

## (૧૧) <u>પંચસાહેદનો પુરાવો:-</u>

આ કામે આંક- ૨૧ થી પંચસાહેદ શંકરભાઈ કાળુભાઈ પટેલ તથા આંક- ૨૫ થી રમેશભાઈ મનોહરભાઈને ફરીયાદપક્ષ ધ્વારા તપાસવામાં આવેલાં છે. પરંતુ આ પંચ સાહેદો તેમની જુબાનીથી ફરીયાદપક્ષના કેસને સમર્થન મળતું ન હોય ફરીયાદપક્ષ ધ્વારા આ પંચોને ફરી ગયેલાં જાહેર કરવાની અરજ કરતાં આ કામના પંચસાહેદો ફરી ગયેલાં જાહેર કરવામાં આવેલાં છે છતા તેઓએ પંચનામાની કોઈ જ હકીકતને સમર્થન આપેલ નથી. આમ, આં ક- ૨૨ થી ગુન્હાવાળી જગ્યાના પંચનામુ તથા આંક- ૨૬ થી હથીયાર કબજે કર્યાનુ પંચનામુ રજુ કરવામાં આવેલ છે તે ફરિયાદપક્ષને મદદરૂપ થઈ શકે નહીં.

## (૧૨) <u>તપાસ કરનાર અમલદારનો પુરાવો:-</u>

ત્યારબાદ ફરિયાદપક્ષે આંક–૪૬ થી ત.ક.અ વાલજીભાઈ ધુળાભાઈને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે તેઓએ તેમની જુબાનીમાં એવો પુરાવો આપે છે કે, હું તા.૦૫/૦૮/૨૦૧૮ ના રોજ મેઘરજ પો.સ્ટે ખાતે અ.હે.કો. તરીકે ફરજ બજાવતો હતો તે દરમ્યાન આ કામના ફરીયાદી રણછોડભાઈ હાંકળાભાઈનાઓએ પી.એસ.ઓ. રૂબરુ ફરીયાદ આપેલી જે ફરીયાદ પી.એસ.ઓ.એ મેઘરજ પો.સ્ટેશન સેકન્ડ ગુ.ર.નં.૩૦૯૭/૨૦૧૮, ઈ.પી.કો. કલમ – ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) તથા જી.પી.એકટની કલમ – ૧૩૫ મુજબ નોંધી આગળની તપાસ અમોને સોપલ જે ફરીયાદની ખરી નકલ આ સાથે રજુ કરુ છુ જેમા ફરીયાદી રણછોડભાઈ હાકળાભાઈ પટેલની સહી છે જે ઓળખી બતાવુ છુ જેને આંકે પાડવા સારુ બચાવ પક્ષે વાધો ન હોય રજુ દાખલ આંક– ૪૭ આપવામાં આવેલ છે. અમોએ સદર ગુન્હાની તપાસ સંભાળેલ જે તપાસ સંભાળી પંચો રૂબરુ ગુન્હાવાળી જગ્યાનુ પંચનામુ કરેલ જે આ કામે આંક–૨૨ થી રજુ છે જેમા પંચોની મારી રૂબરૂ સહી છે જે ઓળખી બતાવુ છુ. લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા તેમજ સદર ગુન્હામાં આરોપીઓને અટક કરેલ અને આરોપી મુકેશભાઈ ડાહ્યાભાઈ પટેલ નાઓએ પંચો રૂબરૂ ગુન્હામાં વાપરેલ વાસની લાકડી રજુ કરેલ જે પંચો રૂબરૂ વિગતવારનુ પંચનામુ કરી અમોએ કબજે લીધેલ જે આ કામે આંક–૨૬ થી રજુ છે જેમા પંચોની મારી રૂબરૂ સહી છે જે ઓળખી બતાવુ છુ. ત્યારબાદ આ કામના આરોપીને જામીન ઉપર મુકત કરેલ, બનાવમાં ઈજા પામનાર સાહેદનુ મેડીકલ સટીફિકેટ મેળવી તપાસના કાગળોમાં સામેલ રાખેલ, મારી તપાસના અંતે તમામ કાગળો વંચાણે લેતાં આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો જણાઈ આવતા નામ.કોર્ટમાં ચાર્જશીટ કરેલ. આરોપીને હુ ઓળખુ છુ જે આજરોજ નામ.કોર્ટમાં હાજર નથી. આરોપી તર્ફે મુકતી રીપોર્ટ રજુ આરોપીઓની ઓળખ અંગે તકરાર નથી.

બચાવપક્ષની ઉલટ તપાસમાં સાહેદ એ હકીકતો કબુલ રાખે છે કે, બનાવવાળી જગ્યાની આજુબાજુ ખેતરો આવેલા છે. ચોમાસાની સીઝનમાં વ્યકિતઓ પોતાના ખેતરમાં ખેતી કામ કરતા હોય છે. કહેવાતા રોડ ઉપર ખેતી કામ કરવા વાળા વ્યકિતઓની અવર જવર હોય છે. મારી રૂબરૂ ફરીયાદીએ ફરીયાદ આપેલ નથી. મે ફરીયાદીનુ વધારાનુ કોઈ નીવેદન

નોંધેલ નથી કે લીધેલ નથી. ઉન્ડવા ગામમાં વિવિધ જ્ઞાતીના લોકો રહે છે. અન્ય સુચક પ્રષ્નોના જવાબ સાહેદે નકારમાં આપેલા છે.

(૧૩) આમ, ફરિયાદપક્ષે રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો, ફરિયાદ પક્ષે મહત્વના કહી શકાય એવા ફરિયાદી મળી આવેલ નથી. તેઓને વારંવાર કોર્ટ દ્વારા પ્રોસેસો કાઢવામાં આવેલ છતા તેઓ મળી આવેલ ન હોય તેઓને તપાસી શકાયેલ નથી. સદર કામે ફ્રીયાદપક્ષે આંક– ૪૭ થી રજુ રાખેલ ફ્રીયાદ વંચાણે લેતા તેમાં એવી હકીકત જણાવેલ છે કે, “ફ્રીયાદીએ મુકેશભાઇને ફ્રીયાદીના ખેતરના શેઢે મરેલી ભેંસ નાખવાની ના પાડતા મુકેશભાઈ ઉશ્કેરાઈ જઈ મા–બેન સામી ગાળો બોલી હાથમાંની લાકડી ફ્રીયાદીને જમણા કાંડાના હાથ ઉપર અને ડાબા હાથ ઉપર મારી ગડદાપાટુનો માર મારેલ. ફ્રીયાદીએ બુમાબુમ કરતા નજીકમાંથી અમરતભાઈ વકતાભાઈ પટેલનાઓ દોડી આવી તેઓને વધુ માર માંથી છોડાવેલા. તેમજ જતા જતા આરોપી ફ્રીયાદીને જાનથી મારી નાખવાની ધમકી આપતા ગયેલ હોવાનુ ફ્રીયાદમાં લખેલ છે.” આ સંદર્ભે બનાવ સમયે ફ્રીયાદ મુજબ ફ્રીયાદીને વધુ માર માંથી છોડાવેલ અમરતભાઈ વકતાભાઈની આંક– ૨૭ ની જુબાની ધ્યાને લઈએ તો ૬ વર્ષ અગાઉ પોલીસે તેમનુ નામઠામ પુછેલુ તે સિવાય બનાવ બાબતે કાંઈ જાણતા ન હોવાનુ જણાવેલ છે. તેમજ ફ્રીયાદની તમામ હકીકતનો ફ્રીયાદપક્ષની ઉલટતપાસમાં ઈન્કાર કરેલ છે. આમ, ફ્રીયાદની હકીકતોને સમર્થન મળતુ નથી.

(૧૪) વધુમાં, ફ્રીયાદીએ તેમની ફ્રીયાદમાં તેઓને બનાવમાં જમણા કાંડાના હાથ ઉપર અને ડાબા હાથ ઉપર લાકડીથી ઈજા થયેલ હોવાનુ જણાવેલ છે. તે સંદર્ભે આંક– ૪૩ થી ડોકટરની જુબાની તથા આંક– ૪૪ થી રજુ મેડિકલ સર્ટીફિકેટ ધ્યાને લઈએ તો, ફ્રીયાદીને જમણા કાંડામાં, ડાબા હાથે તથા ડાબી જાંગ પર ઈજા થયેલ હોવાનુ જણાવેલ છે. આમ, ફ્રીયાદ મુજબ ફ્રીયાદીને થયેલ ઈજા અંગે મેડિકલ સર્ટીફીકેટ થોડા ઘણા અંશે સમર્થન મળે છે. પરંતુ મેડિકલ સર્ટીફીકેટમાં જણાવેલ હિસ્ટ્રી વંચાણે લેતા ફ્રીયાદીને કઈ વ્યકિત દ્વારા ઈજા કરવામાં આવેલી તે જણાવેલ નથી. વધુમાં ઈજા પામનાર ફ્રીયાદી તથા

આરોપી એક જ ગામના હોવા છતાં તેમજ એકબીજાને પહેલેથી ઓળખતા હોવા છતાં સાહેદે તેઓની સારવાર કરનાર ડૉકટર સમક્ષ હીસ્ટ્રીમાં તેઓને ઈજા કરનાર વ્યકિતનું નામ અને સરનામુ જણાવેલ નથી. વધુમાં ફરીયાદી રણછોડભાઈને હાયર સેન્ટરમાં રીફર કરેલાનુ જણાવેલ છે પરંતુ હાયર સેન્ટરમાં રણછોડભાઈએ કોઈ સારવાર લીધલ હોય તેવુ કોઈ સર્ટીફિકેટ સદર કામે રજુ રાખેલ નથી. આમ, રજુ પુરાવાઓ તથા મેડિકલ સર્ટીફીકેટની હકીકતો વિરોધાભાસી જણાય છે. જેના કારણે ગુનાની કળીઓ મળતી નથી અને ફરીયાદીને થયેલ ઈજાઓ શંકાસ્પદ બની જાય છે.

**(૧૫)** વધુમાં હાલનાં કામે પંચ સાહેદોને તપાસી ગુનાવાળી જગ્યાનુ પંચનામુ તથા મારક હથીયાર લાકડી કબજે કર્યાનુ પંચનામુ રજુ રાખેલ છે. પરંતુ સદર કામે તપાસેલ કોઈ પણ પંચસાહેદોએ પંચનામાની કોઈ જ હકીકત ને સમર્થન આપેલ નથી. જેથી સદર કામે કરવામાં આવેલ આંક- ૨૨નુ ગુનાવાળી જગ્યાનુ પંચનામુ તથા આંક- ૨૬ નુ હથીયાર કબજે કર્યાનુ પંચનામુ પુરવાર થતુ નથી. વદ્યુમાં સદર કામે ફરીયાદીના કુટુંબી તથા પાડોશી સીવાય અન્ય કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લેવામાં આવેલ નથી. આમ, આ કામે ફરીયાદ પક્ષના કેસને કોઈ સ્વતંત્ર સાહેદોના પુરાવાથી સમર્થન મળતુ નથી. વધુમાં આ ફરીયાદીના કુટુંબી અને પાડોશી સાહેદોએ પણ ફરીયાદપક્ષને સમર્થન આપે તેવો કોઈ જ પુરાવો રેકર્ડ પર રજુ કરેલ નથી. જેથી તેઓને હોસ્ટાઈલ જાહેર કરેલા પરંતુ તેમ છતા પણ તેઓએ ફરીયાદપક્ષના કેસને સમર્થન આપતી કોઈ જ હકીકત જણાવેલ નથી. તેમજ ફરીયાદપક્ષના મુખ્ય ફરીયાદી તથા સાહેદ નં ૮ રામાભાઈ કુબેરભાઈ પટેલનાઓને વારંવાર પ્રોસેસો કાઢતા મળી આવેલ ન હોય તેઓને તપાસી શકાયેલ નથી. જેથી રજુ રાખેલ પુરાવાઓ ધ્યાને લેતા, ફરીયાદપક્ષનાં કેસ અંગે શંકા ઉત્પન્ન થાય છે, આ સંજોગોમાં ફરીયાદપક્ષનાં પુરાવામાં શંકા ઉભી થતી હોય જેનો લાભ આરોપીપક્ષને આપવો જ રહયો.

**(૧૬)**આમ, ફરીયાદપક્ષે રજુ રાખેલ પુરાવાઓ પરથી બનાવ તારીખે, સમયે અને સ્થળે ઉપરોકત જણાવ્યા મુજબનો ગુનો આરોપીઓએ કરેલ હોવાની હકિકત ફરીયાદપક્ષ શં

કાથી પર પુરવાર કરી શકેલ ન હોય આરોપીઓને ઈ.પી.કો. કલમ–૩૨૩ મુજબના ગુના સબબ તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી.

**(૧૭)** હવે ઈ.પી.કો. કલમ–૫૦૪ બાબતે ફરીયાદપક્ષનાં કેસની હકિકત ઘ્યાને લેવામાં આવે તો ફરીયાદીની ફરીયાદ મુજબ આ કામનાં આરોપીઓએ ફરીયાદી ગાળો બોલેલાની હકિકત ફલીત થાય છે, પરંતુ ફરીયાદપક્ષે તપાસેલ બનાવ સમયે હાજર સાહેદોની સોગંદ ઉપરની જુબાનીનું ઝીણવટપૂર્વક મુલ્યાંકન કરી વંચાણે લેવામાં આવે તો આરોપીઓએ ગાળોમાં શું શબ્દો બોલેલા તેવી કોઈ હકિકત જણાવેલ નથી. આમ, આરોપીઓ દવારા ગાળો આપેલ તેમાં શું શબ્દો બોલેલા તે રેકર્ડ ઉપર આવતું નથી. ઈ.પી.કો. કલમ–૫૦૪ નાં આવશ્યક તત્વો જોતા ખરેખર આરોપી કયાં શબ્દો ગાળોમાં બોલેલા અને તેનાં કારણે ફરીયાદીને ઉશ્કેરાટનું કારણ મળેલ હોય કે જાહેર શાંતિનો ભંગ થયેલ હોય તેવું રેકર્ડ ઉપર આવતું નથી. આ તબકકે નામ. ગુજરાત હાઈકોર્ટનાં ૨૦૦૭(૧) જી. એલ. એચ. ૩૩૭ પર પ્રસિઘ્ધ પ્રવિણભાઈ બેચરભાઈ વિ. સ્ટેટ ઓફ ગુજરાતનાં ચુકાદામાં જે તારણો નોંધવામાં આવેલ છે તે ઘ્યાનમાં લેતા હાલનાં કામે ઈ.પી.કો. કલમ–૫૦૪ મુજબનાં તત્વો સંતોષાતા નથી કે આરોપીઓને તે સબબ તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી.

વધુમાં, આરોપીઓ સામે જાનથી મારી નાંખવાની ધમકી આપવાનો આક્ષેપ છે તે બાબતે રેકર્ડ જોવામાં આવે તો ફરીયાદીએ તેમની ફરીયાદમાં આરોપીઓએ જાનથી મારી નાંખવાની ધમકી આપેલી તેમ જણાવેલ છે, પરંતુ આરોપીઓની ધમકીનાં કારણે ફરીયાદી/સાહેદ ને ખરેખર ભયની ઘંટડી બજતી હોય તેવું લાગ્યુ હતું કે કેમ ? અને તેઓની ઉપર ધમકીની કોઈ અસર હતી કે કેમ ? તેમજ તે ધમકીની અસર હેઠળ તેઓએ કોઈ કૃત્ય કે કાર્યલોપ કરેલ કે કેમ ? તે પણ સાબીત થવું જોઈએ, પરંતુ સમગ્ર રેકર્ડ જોતા તેવી કોઈ હકિકત ફરીયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી. જેથી આ કામનાં આરોપીઓને ઈ.પી.કો. કલમ–૫૦૬(૨) મુજબનાં ગુના સબબ પણ તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી.

**(૧૮)** હવે જી.પી. એકટની કલમ–૧૩૫ મુજબનાં ગુના સબબ ચર્ચા કરવામાં આવે તો, બનાવની તારીખે, સમયે અને સ્થળે ખરેખર હથિયારબંધી અંગેનું જાહેરનામું અમલમાં હતું કે કેમ ? તે અંગે ફરીયાદપક્ષે જે તે કચેરીનાં કોઈ જવાબદાર કર્મચારીને તપાસેલ નથી કે તેવું કોઈ જાહેરનામું કે તેની નકલ પણ રજુ કરેલ નથી. જેથી સદર હથિયારબંધી અં ગેના જાહેરનામાનાં અમલીકરણ અંગે શંકા ઉપસ્થિત થાય છે. ત્યારે હાલનાં આરોપીઓને તે મુજબ જી.પી. એકટની કલમ–૧૩૫ મુજબનાં ગુના સબબ પણ તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી.

**(૧૯)** આમ સદર કામે ફરીયાદ પક્ષ તરફે રજુ થયેલ ઉપરોકત તમામ મૌખિક અને દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતાં આ કામના ફરીયાદીની ફરીયાદ તથા આ કામના અન્ય સાહેદોના પુરાવામાં મહત્વનો વિરોધાભાસ જણાઈ આવતો હોય તથા આ કામના સાહેદોનો પુરાવો શંકાસ્પદ હોવાનું તથા વિશ્વાસપાત્ર અને માનવાલાયક જણાઈ આવતો ન હોય તથા આ કામના આરોપી મુકેશભાઈ ડાહ્યાભાઈ પટેલનાઓએ ફરીયાદી રણછોડભાઈ પટેલને જમણા હાથના કાંડા ઉપર તથા ડાબા હાથ ઉપર લાકડી વડે માર મારેલ હોય કે બનાવ સમયે બિભત્સ ગાળો બોલી, જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય, આરોપીએ ફ્રીયાદીને ગડદાપાડુનો માર મારી સ્વૈચ્છાપુર્વક ઈજા પહોંચાડેલ હોવાનું શંકાથી પર રહી પુરવાર થતું ન હોય તથા આ કામના આરોપીએ હથીયાર બંધીના જાહેરનામાનો ભંગ કરેલ હોવાનું શંકાથી પર રહી પુરવાર થતું નથી. વધુમાં, ક્રિમિનલ જયુરશપ્રુડન્સનો ફરીયાદીપક્ષે પોતાનો કેસ શંકાથી પર રહી પુરવાર કરવાનો છે આરોપીઓએ પોતે નિર્દોષ છે તેવું શંકાથી પર રહી પુરવાર કરવાનું નથી. આરોપીએ માત્ર શકયતાઓ દર્શાવવાની છે. કોઈપણ પ્રકારનો પુરાવો હોય પણ તેમાં જયારે શંકાનુ તત્વ પ્ર વેશે ત્યારે એવો પુરાવો ફરીયાદપક્ષની નિષ્ફળતામાં પરિણમે છે. એ એક સુસ્થાપિત સિધ્ધાંત છે કે શંકા આખર શંકા છે, શંકા ગમે તેટલી દ્રઢ, મજબૂત હોય તો પણ તે સાબિતીનું સ્થાન લઈ શકે નહી તેવો પાયાનો સિધ્ધાંત હોવાથી મુદ્દા નં. ૧ નો જવાબ નકારમાં ઠરાવી મુદ્દા નં. ૨ પરત્વે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**૦ <u>આખરી હુકમ</u> ૦**

(૧) આ કામે મેઘરજ પોલીસ સ્ટેશન સે.ગુ. ર. નં. ૩૦૯૭/૨૦૧૮ના કામે (૧) મુકેશભાઈ ડાયાભાઈ પટેલ, રહે.ઉન્ડવા,તા.મેઘરજ,જી.અરવલ્લીનાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૪૮(૧) અન્વયે ભારતીય દંડ સંહિતા ૧૮૬૦ ની કોડની કલમ– ૩૨૩,૫૦૪,૫૦૬ (૨) તથા જી.પી.એકટ ૧૩૫ મુજબના શીક્ષાને પાત્ર ગુન્હાઓમાંથી પુરતા પુરાવાના અભાવે શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીએ ટ્રાયલ દરમીયાન રજુ રાખેલ જામીન ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭ (એ) મુજબ ૬ માસ સુધી સદર જામીન ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે અને ત્યારબાદ સદર જામીન રદ્દ થયેલ ગણાશે.

(૩) સદર કામે કબ્જે કરેલ મુદામાલનો અપીલ સમય બાદ નિયમોનુસાર નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ આખરી હુકમ આજરોજ મેઘરજમાં તા.૨૧મી, માહે– એપ્રિલ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી તેમજ સીક્કો કરી જાહેર કર્યો.

| | |
|---|---|
| **તા.૨૧/૦૪/૨૦૨૬**<br>**સ્થળ : મેઘરજ** | **(જીનલ વિશાલ અઢીયા)**<br>**એડી. જ્યુડી. મેજી. ફર્સ્ટ કલાસ**<br>**મેઘરજ.**<br>**(જજ કોડ નંબર–જીજે ૦૧૪૦૮ )** |